# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ખાતરની સંગ્રહખોરી કે કાળાબજારી ડામવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ અધિકારીની નિમણૂંક - ખાતરની ઉપલબ્ધતા માટે કંટ્રોલ રૂમ શરૂ.**
2. **વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારતનું અર્થતંત્ર મજબૂત હોવાનું જણાવતાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ.**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ભરૂચ જિલ્લાને વિવિધ વિકાસ કાર્યની ભેટ આપશે.**
4. **ઉત્તર ગુજરાતમાં આજે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર.**
5. **મહીસાગરના લુણાવાડામાં રમાયેલી નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં દશ રાજ્યોના ખેલાડીઓએ ભાગ લીધો.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KHATAR VITARAN –RAGHVAJI PATEL

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, આ વર્ષે સારા વરસાદના પરિણામે ખરીફ પાકોનું ૬૧ ટકા જેટલુ વાવેતર પૂર્ણ થતાં ખેડૂતોને સમયસર પૂરતું ખાતર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાતરનો જથ્થા નું વિવિધ જિલ્લામાં વિતરણ કરવામાં આવી રહ્યું છે.

તેમણે જણાવ્યું ખાતરના વિતરણ વ્યવસ્થાની રાજ્ય કક્ષાએથી દેખરેખ રાખવામાં આવી રહી છે. રાજ્યમાં ખાતરની સંગ્રહખોરી કે કાળાબજારી ન થાય તેની દેખરેખ માટે વિશેષ અધિકારીની નિમણૂંક પણ કરાઈ છે.કૃષિ મંત્રીએ ખેડૂતોને જરૂર પૂરતું જ ખાતર ખરીદવા અને સંગ્રહખોરી ન કરવા ખાસ અનુરોધ કર્યો છે.

---

# PACTISIDE HELPLINE

રાજ્યની ખેતી નિયામક કચેરી દ્વારા રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં રાજ્ય કક્ષાએ ફરિયાદ માટે રાજ્ય કક્ષાના કંટ્રોલ રૂમ દ્વારા (શૂન્ય સાત નવ – બે ત્રણ બે પાંચ છ શૂન્ય આઠ શૂન્ય) હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે.

રાજ્યમાં ખાતર ઉપલબ્ધિ તેમજ વિતરણ સંદર્ભે સરળતા રહે અને ખેડૂત સંબંધી રજૂઆત તથા મુશ્કેલી ધ્યાને આવે તે તેના ત્વરિત નિરાકરણ માટે ખેતી નિયામકની કચેરી દ્વારા વિશેષ પહેલ કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પણ ખાતર સંદર્ભે રજૂઆત, ઉપલબ્ધિ અને માહિતી માટે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. રાજ્યના ખેડૂતો હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરીને ખાતરની ઉપલબ્ધતા, વિતરણ કે અન્ય બાબતો અંગે રજૂઆત કરી શકશે. આ હેલ્પલાઈન નંબર સવારે આઠથી રાત્રે આઠ કલાક સુધી કાર્યરત રહેશે.

---

## BHAVNAGAR VIKSIT BHARAT SAMVAD

ભાવનગરમા કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે વેપારીઓ, મહાજન, ઉદ્યોગકારો અને પ્રબુધ્ધ નાગરીકો સાથે વિકસિત ભારત સંવાદ યોજ્યો હતો.

વિશ્વના અન્ય દેશોની તુલનામાં સતત વિકસી રહેલા ભારત દેશના મજબૂત અર્થતંત્ર વિશે વિગતો આપતા કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ એ જણાવ્યું કે કોવિડ મહામારી બાદ વિશ્વના અન્ય દેશોનો ગ્રોથ રેટ સતત ઘટી રહ્યો છે જ્યારે ભારતનો ગ્રોથ રેટ ઉત્તરોતર વધી રહ્યો છે.

ભારતના સ્વદેશી ઉત્પાદનો વિશે માહિતી આપી રેલ મંત્રીએ વંદે ભારત ટ્રેનની ખાસિયતો અંગે જાણકારી પૂરી પાડી હતી સંપૂર્ણ સ્વદેશી બનાવટની વંદે ભારત ટ્રેન એ એક વિશ્વ કક્ષાની આધુનિક સુવિધાસભર ટ્રેન બની છે તેવું જણાવતા દેશના નાગરિકોને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાના દેશના મહાઅભિયાનમાં જોડાવા આહવાન કર્યું હતું.

## બાઇટ- અશ્વિની વૈષ્ણવ, રેલવે મંત્રી

---

# CIVIL HOSPITAL SURGERY

બનાસકાંઠાના વડગામના ખેડૂત દંપતીની 2 વર્ષની દીકરી શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવી હતી. તપાસમાં બાળકીની શ્વાસનળીમાંથી બંને ફેફસામાં જતા બ્રોન્કસમાં મગફળીના દાણા ફસાયેલા હોવાનું સામે આવતાં તાત્કાલિક ઓપરેશન કરાયું હોવાનું સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું.

## બાઇટ- ડો. રાકેશ જોષી,સુપ્રિટેન્ડનટ. સિવિલ હોસ્પિટલ

ડોક્ટરોની સમયસૂચક કામગીરી અને આધુનિક સારવારથી હાલ બાળકી સંપૂર્ણ સ્વસ્થ છે.. બાળકીને નવજીવન મળતાં પરિવાર પણ ખુશ થયો હતો અને તબીબોની કામગીરીને બિરદાવી હતી.

---

# CM BHARUCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ભરુચ જિલ્લાને વિવિધ વિકાસ કાર્યની ભેટ આપશે. આજે સવારે તેઓ ભરૂચમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. શ્રાવણ માસ નિમિત્તે તેઓ ભરૂચ જિલ્લાના તીર્થસ્થાન કાવી કંબોઇ ખાતે સ્તંભેશ્વર મહાદેવ દર્શન કરશે.

ભરૂચ જિલ્લાના આજના તેમના આ પ્રવાસ કાર્યક્રમને કારણે તેઓ નાગરિકો, જન પ્રતિનિધિઓ અને પદાધિકારીઓને ગાંધીનગરમાં મુલાકાત માટે મળી શકશે નહિ.

---

# WEATHER

આજે ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરીને યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે આગામી છ દિવસ માટે રાજ્યમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. આ સાથે જ, આગામી **24** કલાક માટે ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં યલો એલર્ટ પણ જારી કરવામાં આવ્યું હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું હતું.

## બાઇટ- પ્રદિપ શર્મા , હવામાન વિજ્ઞાનિક

બીજીતરફ રાજ્યમાં ગઇકાલે સવારે છ વાગ્યાથી આઠ વાગ્યા સુધીમાં 76 તાલુકાઓમં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો જેમાં ભાવનગરમાં બે ઇંચ જેટલો જ્યારે પ્રાંતિજમાં એક ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હતો.

---

# MAHESANA URBAN BANK ELECTION COUNTING

મહેસાણા અર્બન બેન્કની ચૂંટણીનું આજે પરિણામ જાહેર થશે.

ગઇકાલે મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું. બેંકની 8 ડિરેક્ટરની ચૂંટણીમાં 44.06 ટકા મતદાન નોંધાયું હતું. 1 લાખ 6 હજાર 160 મતદારો પૈકી 47 હજાર 310 મતદારોએ મતદાન કર્યું. આ ચૂંટણી માટે કુલ **26** ઉમેદવારો વચ્ચે ત્રિપાંખીયો મુકાબલો હતો. કુલ **150** મતદાન મથક પર મતદાન થયું હતું. આ ચૂંટણીમાં વિકાસ અને વિશ્વાસ પેનલ વચ્ચે ખરાખરીનો જંગ છે. મહેસાણા, પાટણ,

અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીધામ, રાજકોટ, ગાંધીનગર અને મુંબઈની શાખાઓમાં મતદાન થયું હતું.

---

# SAPUTARA MOONSOON FESTIVAL

સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલનાં સરસ મેળામાં ડાંગની પ્રાકૃતિક બનાવટોની ધૂમ ખરીદી થતાં સ્થાનિક કક્ષાએ રોજગારીને વેગ મળી રહ્યો છે..

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લિ. (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા આયોજિત પ્રાદેશિક સરસ મેળો સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે

બામ્બુ હસ્તકલા, હાથ વણાટ કાપડ, શો પીસ, અને લાકડાની અવનવી વસ્તુઓ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહી છે. ખાસ કરીને, દેશભરમાં નામનાં મેળવી ચૂકેલ નાગલીની બિસ્કિટ, પાપડ, સહીત વિવિધ બનાવટો, વાંસનું અથાણુ, અને પ્રાકૃતિક મધ, ઓઇલ તથા પ્રાકૃતિક ચોખા જેવી ડાંગની વિશિષ્ટ બનાવટોની ભારે માંગ જોવા મળી રહી છે. એના કારણે સખી મંડળોને આર્થિક રીતે ફાયદો થઈ રહ્યો છે

---

# AMADAVAD BRIDGE- ROAD DIVERSION

અમદાવાદમાં રામોલ- વટવા **GIDC** તરફ મચ્છુનગર ખારીકટ કેનાલ પર આવેલ પુલ જર્જરીત હાલતમાં હોવાથી વાહન વ્યવહારને ડાયવર્ઝન અપાયું છે.

**રામોલ ચોકી ચાર રસ્તાથી મચ્છુનગર તરફ જતા વાહનો તેમજ મચ્છુનગર થઈ રામોલ ચાર રસ્તા તરફ આવતા વાહનો અવર જવર કરી શકાશે નહીં. આ અંગે પોલીસ કમિશનરે ગઈકાલે જાહેરનામું બહાર પાડ્યું હતું.**

---

# MAHISAGAR – KARATE

**મહીસાગરના લુણાવાડામાં 19મી ઇન્ડિપેન્ડન્સ નેશનલ કરાટે ચેમ્પિયનશિપ 2025 યોજાઈ. આ સ્પર્ધામાં 10 રાજ્યના 670 જેટલા કરાટે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પંચમહાલના સાંસદ રાજપાલ સિંહ જાદવની ઉપસ્થિતિમાં ખેલાડીઓ દ્વારા કરાટેના દિલધડક કરતબોનું નિદર્શન કરાયું હતું. આ સ્પર્ધાનું આયોજન વાડોરૂ કરાટે ડુ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને વર્લ્ડ વાડોરુ કરાટે ફેડરેશન દ્વારા કરાયું હતું.**

---

# STAR KANDENAR TEBLE TANIS

**રાજ્યના માનુષ શાહ અને માનવ ઠક્કરની જોડી બ્રાઝિલમાં રમાયેલી સ્ટાર કંડેનર ટેબલ ટૅનિસ સ્પર્ધામાં બીજા સ્થાને રહી છે.આ ભારતીય જોડીને ફાઈનલમાં જર્મનીના બેનેડીક્ટ અને ડાંગું કિ યુની જોડી સામે હારનો સામનો કરવો પડ્યો હતો.આ સાથે આ જોડી સ્પર્ધાની ફાઇનલમાં પહોંચનાર.**

**પ્રથમ ભારતીય જોડી બની છે . બીજી તરફ માનુષ અને દિયા ચિતાલેની મિક્સ જોડી ફાઇનલમાં પહોંચી છે.**

---

# JU. NATIONAL AQUATIC COMPETITION

રાજ્યના વેનિકા પરીખે  અમદાવાદમાં રમાય રહેલી 51મી જુનિયર રાષ્ટ્રીય એકવેટિક સ્પર્ધામાં 100 મીટર બટરફલાય ઇવેંટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.આ સ્પર્ધામાં કર્ણાટકની તનીશી ગુપ્તાએ સુવર્ણ ચંદ્રક જીતીને આ ઇવેંટમાં રાષ્ટ્રીય વિક્રમ સર્જ્યો છે.

---

# PRAKRUTIK KHETI

પોરબંદરના ઠોયાણા ગામના પ્રગતીશીલ ખેડ્રત લખમણભાઈ કેશવાલા પ્રાકૃતિક વસ્તુઓથી તૈયાર થયેલ ખાતરના ઉપયોગથી ખેતીની જમીનની ઉપજ વધારીને વધુ ઉત્તમ ઉત્પાદન મેળવી રહ્યા છે. સાથે- સાથે તેઓ જમીનનુ પણ જતન કરીને મોસમ પ્રમાણે ધાણા, માંડવી, જીરૂ, મગ, તલ સહીતના પાકોની પેદાશ કરી રહ્યા છે.

## બાઇટ – લખમણભાઇ કેશવાલા (ખેડ્રત)

---